અડાજણના ફ્લડ ગેટમાંથી તાપીમાં ગંદકી ઠલવાય છે

એક બાજુ પાણીજન્ય રોગચાળાને નાથવા તંત્રની દોડધામ

બીજી બાજુ ખાળે ડુચા ને દરવાજા મોકળા જેવો ઘાટ

સુરતઃ સુરતના અડાજણ વિસ્તારમાં રામજી મંદિર ઓવારા પાસે તાપી નદીના કિનારે મુકવામાં આવેલા ફ્લડ ગેટમાંથી સતત ડ્રેનેજનું ગંદું પાણી નદીમાં વહી રહ્યું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે.

સામાજિક કાર્યકર દ્વારા મનપા કમિશનર અને વિજિલન્સ ઓફિસરને આ અંગે જાણ કરવામાં આવી છે કે, આ ફ્લડ ગેટ દ્વારા મળ-મૂત્રવાળું ગંદું પાણી સીધું તાપીમાં ઠલવાઈ રહ્યું છે. આ સ્થળની નજીકમાં જ જૈન લોકોનું તપોવન ભવન, ભવ્ય રામજી મંદિર અને મહાદેવનું મંદિર હોવાથી શ્રદ્ધાળુઓમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગંદા પાણીની અતિશય દુર્ગંધને કારણે સ્થાનિકો અને મુલાકાતીઓનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે, વરસાદી પાણીની લાઇનમાં ગેરકાયદે ડ્રેનેજ કનેક્શનો જોડી દેવામાં આવ્યા છે, જેના કારણે આ સમસ્યા સર્જાઈ છે.

લોકોએ આ બાબતે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરતા જણાવ્યું છે કે, કોણે અને કઈ રીતે આ ગેરકાયદે કનેક્શન આપ્યા છે તેની વિજિલન્સ તપાસ થવી જોઈએ. આ પ્રદૂષણને તાત્કાલિક બંધ કરાવી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની અને કરેલી કાર્યવાહીનો અહેવાલ લેખિતમાં આપવા વિનંતી કરવામાં આવી છે. તાપી નદીને શુદ્ધ રાખવાના મ્યુનિસિપલ કોર્પોરેશનના દાવાઓ વચ્ચે આ પ્રકારની બેદરકારી સામે આવતા અનેક સવાલો ઉભા થયા છે.

માર્ચ એન્ડિંગ સુધી રજાના દિવસે પણ વેરો ભરી શકાશે

સુરત : SMCના કરદાતાઓ માટે પ્રોત્સહક યોજના અંતર્ગત બાકી વેરો ભરપાઈ કરનાર મિલકતદારોને વ્યાજ અને પેનલ્ટીમાં મોટું વળતર આપવામાં આવી રહ્યું છે. આ યોજનાનો લાભ માટે રજા ના દિવસે પણ સીવીક સેન્ટરો ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. રહેણાંક મિલકતોમાં વ્યાજ, વોરંટ ફી, નોટીસ ફી અને પેનલ્ટીમાં 100ટકા માફી છે અને બિન-રહેણાંક મિલકતોમાં વ્યાજ અને અન્ય ચાર્જમાં 50ટકા માફી છે.

આ માફીનો લાભ મેળવવા માટે કરદાતાએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધીનો તમામ બાકી મિલકતવેરો, યુઝર ચાર્જ અને શિક્ષણ વેરા સહિતની પૂરેપૂરી રકમ ભરપાઈ કરવાની રહેશે. 31 માર્ચ 2025 સુધીની વ્યાજપાત્ર રકમ પર જ આ માફી મળવાપાત્ર રહેશે, તમામ સીવીક સેન્ટરો જાહેર રજાઓ (પ્રજાસત્તાક દિન અને ધુળેટી સિવાય) તેમજ બીજા અને ચોથા શનિવારે પણ સવારે 10.30 થી બપોરના 3.30 સુધી ખુલ્લા રહેશે.

હજીરામાં યુવકનું ભેદી મોત, લાશ પર ઈજાના નિશાન

નાક અને મોંમાથી લોહી નીકળેલું હતું, મૃતદેહ દુર્ગંધ મારતો હતો, ગળા અને માથાના ભાગે ઈજાના નિશાનો

વિવિધ સેમ્પલ્સના ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે

સુરતઃ હજીરામાં 32 વર્ષીય યુવકનો ઘરમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. યુવાનના ગળા અને માથામાં ઈજાના નિશાન મળતા કુશંકાઓ ઉઠી છે.

મળેલી માહિતી મુજબ, મૂળ પંજાબનો વતની શેરાસિંગ હરભજનસિંગ (32 વર્ષ) હાલ હજીરા ડેરી ફળિયું જુનાગામમાં રહેતો હતો અને ખાનગી કંપનીમાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. ગત 16મી જાન્યુઆરીએ તે કામ પૂરું કરીને ઘરે પરત ફર્યો હતો. 17મી જાન્યુઆરીએ તે હજીરા રોડ પર એલ એન્ડ ટી કંપની સામે નાસ્તાની લારી પર ગયો હતો અને બપોરે ઘરે પરત આવ્યો હતો. ત્યારબાદ શનિવારે રાત્રે તેના રૂમનો દરવાજો અડધો ખુલ્લો જોવા મળ્યો હતો અને રૂમમાંથી દુર્ગંધ આવતી હોવાથી પડોશી મહેલભાઈ પટેલએ દરવાજો ખોલીને અંદર જોયું તો શેરાસિંગ નાક અને મોંમાંથી લોહી નીકળતી હાલતમાં ફ્લોર પર પડેલો હતો. તેની આંખ અને મોંના ભાગે કાળા ચકામા પણ જોવા મળ્યા હતા.

પડોશીએ પોલીસને જાણ કરતા હજીરા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. ફોરેન્સિક વિભાગના ડોક્ટરોએ પોસ્ટમોર્ટમ કર્યું હતું, જેમાં ગળા અને માથાના ભાગે ઈજાના સ્પષ્ટ નિશાન મળી આવ્યા હતા. મૃત્યુ રહસ્યમય લાગતા પોલીસે હત્યાની શંકા સાથે વધુ તપાસ હાથ ધરી છે. ડોક્ટરોએ જણાવ્યું છે કે વિવિધ સેમ્પલ્સના ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

૫.૫૦ કરોડના સાયબર ફ્રોડમાં ટ્રસ્ટના સંચાલકની ધરપકડ

૨૫ ટકા કમિશનની લાલચે ફ્રોડના નાણાં સર્વોદય એજ્યુકેશનલ ફાઉન્ડેશન ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતો હતો

સુરત : મહીસાગર જિલ્લાના લુણાવાડા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂપિયા ૫.૫૦ કરોડની છેતરપિંડીના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા મુખ્ય આરોપીને લિંબાયત પોલીસે બાતમીના આધારે પકડી પાડી સફળતા મેળવી છે. પકડાયેલો આરોપી સર્વોદય એજ્યુકેશનલ ફાઉન્ડેશન ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં કમિશન પેટે સાયબર ફ્રોડના નાણાં મેળવતો હોવાનું ખુલવા પામ્યું છે. આગામી દિવસોમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સંડોવણી બહાર આવે તો તેમના પર પણ કાર્યવાહી થવાની શક્યતા છે.

મળતી વિગત મુજબ, લિંબાયત પીઆઈ કામળીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ કે.એચ. ચૌધરી અને ટીમ કાર્યરત હતી. તે દરમિયાન સર્વેલન્સ ટીમને વિશ્વાસુ બાતમીદાર તેમજ ટેક્નિકલ વર્કઆઉટના આધારે માહિતી મળી હતી કે, મહીસાગરના કરોડોના સાયબર ફ્રોડમાં સંડોવાયેલો આરોપી લિંબાયત વિસ્તારમાં છુપાયો છે.

પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી ટેક્નિકલ સર્વેલન્સના આધારે મીઠી ખાડી વિસ્તારથી આરોપી મોહમંદ ઇરફાન ઉર્ફે મોનુ હિદાયત હુસૈન (ઉ.વ. ૩૩, રહે. ખાનપુરા, લિંબાયત, મૂળ ઉત્તર પ્રદેશ)ને પકડી પાડ્યો છે.તપાસમાં બહાર આવ્યું છે કે, 'સર્વોદય એજ્યુકેશનલ ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના નામે એસ.બી.આઈ.માં બેંક એકાઉન્ટ છે. જે બેંક ખાતામાં મોહમંદ ઇરફાન ઉર્ફે મોનુ હુસૈન અને તેના સાગરીતોએ ભારતના અલગ-અલગ રાજ્યોમાં લોકો સાથે ગેમિંગ સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૫.૫૦ કરોડ આ એકાઉન્ટમાં મંગાવ્યા હતા.

આ રકમ સગેવગે કરવા માટે આરોપી ૨૫ ટકા જેટલું તગડું કમિશન લેતો હતો. કમિશન મળે તે પહેલા પોલીસના હાથ લાગ્યો હતો. આ મામલે મહીસાગરના લુણાવાડા સાયબર ક્રાઇમ મથકે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૬૧, ૫૪ તથા આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો છે. લિંબાયત પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી માટે મહીસાગર પોલીસને જાણ કરી છે. આગામી દિવસોમાં સર્વોદય એજ્યુકેશનલ ફાઉન્ડેશન ટ્રસ્ટના સંચાલકો અને ટ્રસ્ટીઓ સંડોવણી હોઈ તો તેમની ઉપર પણ કાર્યવાહી થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

37 વર્ષીય યુવાનનું કારખાનામાં બેભાન થઈ જતાં મોત

અમરોલીના રત્નકલાકાર અને ઉધનાના શ્રમિકનું પણ અચાનક ઢળી પડતા મૃત્યું

સુરતઃ સુરતમાં છેલ્લા 24 કલાકમાં શહેરમાં અચાનક બેભાન થઈ જતા ત્રણ યુવકોના મોત થયાં હતાં.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ ડિંડોલી નવાગામના અંબિકાનગરમાં રહેતા 37 વર્ષીય અનિલ રમાકાંત મિશ્રા શનિવારે બપોરે કાપડના કારખાનમાં કામ કરતો હતો. ત્યારે અચાનક બેભાન થઈને ઢળી પડ્યો હતો. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બીજા બનાવમાં, મૂળ બોટાદના વતની કૈલાસ કલ્પેશ કોલાદ્રા (39 વર્ષ) અમરોલી વિસ્તારમાં આવેલ રિલાયન્સ નગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે રત્નકલાકાર તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. શનિવારે સવારે તે ઘરે અચાનક બેભાન થઈ જતો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.અન્ય બનાવમાં, મૂળ ઓરિસ્સાના વતની 45 વર્ષીય રાજુ ઉદયનાથ સાહુ હાલ ઉધના વિસ્તારમાં આવેલ દસ્તક નગરમાં રહેતો હતો. તેને શનિવારે રાત્રે તેને છાતીમાં દુખાવો થતા 108 એમ્બ્યુલન્સમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી શહેરમાં અચાનક બેભાન થયા બાદ મોતના કિસ્સા વધી રહ્યાં છે જેમાં ખાસ કરીને યુવા વયના લોકો મોતને ભેંટી રહ્યાં છે.

સરની કામગીરી પૂર્ણ થતાં જ ચૂંટણીનો ધમધમાટ શરૂ થશે

સુરત મનપા ચૂંટણી મોડમાં, EVMમાં જૂનીને બદલે નવી બેટરી ફિટ કરાશે

આજથી ઇવીએમનું ફર્સ્ટ લેવલ ચેકિંગ શરૂ, મતદાન દિવસે ખામી ન સર્જાય તે માટે આગોતરી તૈયારી

સુરત : સુરત મહાનગર પાલિકાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રએ ચૂંટણી પૂર્વ તૈયારીઓની શરૂઆત કરી દીધી છે. હાલ શહેર-જિલ્લામાં ચાલી રહેલી SIR કામગીરીને કારણે સ્થાનિક સ્વરાજની ચૂંટણી થોડી લંબાઈ છે, પરંતુ સરની કામગીરી પૂર્ણ થતાં જ ચૂંટણી પ્રક્રિયામાં ઝડપ આવશે તેવો સ્પષ્ટ સંકેત મળી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરની કામગીરી પૂર્ણ થયા બાદ એપ્રિલ મહિનાની આસપાસ સુરત મનપાની ચૂંટણી યોજાય તેવી પ્રબળ શક્યતા છે.

ચૂંટણી પંચ દ્વારા કોઈપણ પ્રકારની તકનિકી અથવા વહીવટી ખામી ન રહે તે હેતુસર સમય પહેલા જ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે આજથી (૧૯ જાન્યુઆરી, સોમવારથી) સુરત મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉપયોગમાં આવનારા ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)નું ફર્સ્ટ લેવલ ચેકિંગ (FLC) શરૂ કરવામાં આવ્યું છે. હાલ તમામ ઈવીએમ આઈમાતા ચોક ખાતે આવેલા વેરહાઉસમાં સંગ્રહિત છે. ફર્સ્ટ લેવલ ચેકિંગ દરમિયાન દરેક ઈવીએમને ચાલુ કરીને તેના બટન, ડિસ્પ્લે, કનેક્ટિવિટી, આંતરિક સોફ્ટવેર સિસ્ટમ તેમજ અન્ય તકનિકી પાસાઓની વિગતવાર તપાસ કરવામાં આવશે. આ સાથે જૂની અથવા નબળી બેટરીને બદલીને નવી બેટરી મૂકવામાં આવશે. 12 એન્જિનિયર્સની ટીમ સુરતમાં ૧૫ દિવસ ઈવીએમની તપાસ કરશે.

૪૩૭૩ કંટ્રોલ યુનિટ અને ૮૭૦૦ બેલેટ યુનિટની થશે તકનિકી તપાસ

સુરત મનપાની ચૂંટણીમાં કુલ ૪૩૭૩ કંટ્રોલ યુનિટ અને ૮૭૦૦ બેલેટ યુનિટનો ઉપયોગ થવાનો છે. આ તમામ ઇવીએમની તકનિકી રીતે સુક્ષ્મ તપાસ માટે ૧૨ અનુભવી એન્જિનિયર્સની વિશેષ ટીમ સુરતમાં તૈનાત કરવામાં આવી છે. આ ટીમ આગામી ૧૫ દિવસ સુધી સતત ચકાસણી પ્રક્રિયા હાથ ધરશે.

સુરતને ગુજરાત બાર કાઉન્સિલમાં પ્રતિનિધિત્વ મળવું મુશ્કેલઃ ત્રિવેદી

સુરતઃ ૨૦-૨૨ ઉમેદવારો ઊભા રહેશે તો સુરતને ગુજરાત બાર કાઉન્સિલમાં પ્રતિનિધિત્વ મળવું મુશ્કેલ થશે, જેથી સીનિયર વકીલોને વચ્ચે પાડીને હળી મળીને પાંચ-છ ઉમેદવારો નકકી કરો, તેવું આજે કઠોર બાર એસોસિએશન દ્વારા આયોજિત લીગલ સેમિનારનાં મુખ્ય અતિથિ પૂર્વ કાયદા મંત્રી અને સીનિયર વકીલ રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું.

આજે કઠોર બાર એસોસિએશન દ્વરા આયોજિત કાનૂની જ્ઞાનવર્ધક લીગલ સેમિનાર અને સન્માન સમારંભ વૈભવ ફાર્મ, સરથાણા ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સુરત જિલ્લા તથા સુરત શહેર જિલ્લાના તમામ તાલુકાઓ કઠોર, ઓલપાડ, માંગરોળ, માંડવી, ઉમરપાડા, બારડોલી, મહુવા અને પલસાણાના વકીલ મંડળોના તાજેતરમાં ચૂંટાયેલા હોદ્દેદારો તથા તેમની ટીમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આદિવાસી મહિલાનો બિભત્સ વિડીયો ફરતો કરનાર ઝડપાયો

સુરતઃ વરાછા વિસ્તારમાં રહેતી એક પરિણીતા સાથે દુષ્કર્મ, જાનથી મારી નાખવાની ધમકી અને સોશિયલ મીડિયામાં બદનામ કરનાર આરોપીને પોલીસે ઝડપી લીધો છે. વરાછા વિસ્તારમાં પતિ અને બે બાળકો સાથે રહેતી એક પરિણીતા છેલ્લા પાંચ મહિનાથી ગંભીર માનસિક અને શારીરિક યાતનાનો ભોગ બની હતી. આરોપી પ્રવિણ બાબુભાઈ બોઘરા (રહે. માતાવાડી, વરાછા; મૂળ વતન ગામ મોટાઅગરીયા, તા. રાજુલા, જી. અમરેલી) ભોગ બનનાર મહિલા આદિવાસી સમાજની હોવાની જાણ હોવા છતાં તેને ધમકી આપી શરીરસંબંધ બાંધી દુષ્કર્મ આચરતો હતો. તેણે ભોગ બનનાર પરિણીતાના નામે ખોટી ઇન્સ્ટાગ્રામ આઈડી બનાવી, તેના ફોટા અપલોડ કરીને અશ્લીલ અને અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. એટલું જ નહીં, મહિલાનો નગ્ન વીડિયો વાયરલ કરીને તેના સગા-સબંધી અને સમાજમાં તેને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ક્કરી હતી.

પોલીસ ધરપકડથી બચવા નંબર બદલી વોટ્સએપ કોલ જ કરતો હતો

વરાછા પોલીસ સ્ટેશનના પીઆઇ આર.બી. ગોજીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપી પ્રવિણ બોઘરાને બનાસકાંઠા જિલ્લાના હિમતનગર ખાતેથીમ ઝડપી લેવામાં આવ્યો છે. પકડાઈ જવાની ભયના કારણે આરોપી અલગ અલગ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી વોટ્સએપ મારફતે સંપર્કમાં રહેતો હતો. વારંવાર નંબર બદલવાથી પોતાની ઓળખ છુપાવી ગુનાખોરી ચાલુ રાખવાની તેની યોજના હતી.

તું ભરત પટ્ટી મેવાડા સામે કેમ ટક્કર લે છે તેમ કહી હુમલો

સુરતઃ સુરતના વેડરોડ વિસ્તારમાં ટપોરી ટોળકીએ ટીઆરબીના પૂર્વજવાન પર જીવલેણ હુમલો કર્યો હતો. વેડ રોડ વિજયનગર વિસ્તારમાં પાર્થ એપાર્ટમેન્ટમાં રહેતો ૨૨ વર્ષીય નીલેશ દીપકભાઈ રાઠોડ ગત ૧૪ જાન્યુઆરીની સાંજે મિત્ર વિક્રમ સાથે મોપેડ પર ઢોસા લેવા માટે નીકળ્યો હતો. તે સમયે સ્થાનિક ટપોરીએ નિલેશને વિના કારણે ગાળો આપી હતી. જેથી તેણે વિરોધ કરતાં ટપોરી યુવકે "તું ભરત પટ્ટી મેવાડા સામે કેમ ટક્કર લે છે" તેમ કહી પોતાના સાગરીતોને બોલાવી લીધા આરોપીઓએ મારામારી શરૂ કરી અને અચાનક ચપ્પુ કાઢી યુવકના પેટ, કમર અને શરીરના અન્ય ભાગોમાં આડેધડ ઘા ઝીંકી દીધા હતા. તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે ચોક બજાર પોલીસે મૂળ બોટાદના તાજપરના અને હાલમાં વેડરોડ વિજયનગર-2માં રહેતા મોહીત મુકેશભાઈ રાઠોડની ધરપકડ કરી છે.

કિશોરીનો જાહેરમાં હાથ પકડી છેડતી કરનારા ઝડપાયા

શાળાએથી ઘરે જતી ધો. ૬ની વિદ્યાર્થિનીને પરેશાન કરતા હતા

સુરતઃ અમરોલી વિસ્તારમાં રહેતા એક મરાઠી પરિવારની ૧૧ વર્ષીય દીકરી ગત શનિવારે શાળાએ ગઈ હતી. બપોરે શાળા છૂટ્યા બાદ તે એકલી ઘરે પરત ફરી રહી હતી, ત્યારે બે અજાણ્યા યુવકો તેની પાછળ પડ્યા હતા. પહેલા તેમણે તેનું નામ પૂછ્યું હતું. કિશોરીએ હિંમત બતાવી 'મારું નામ જાણીને શું કરશો?' તેમ કહી ચાલવાની ઝડપ વધારી દીધી હતી.

જોકે, વિકૃત માનસ ધરાવતા આ યુવકોએ પીછો છોડ્યો ન હતો અને કિશોરી કઈ સ્કૂલમાં ભણે છે તેમ પૂછી પજવણી શરૂ કરી હતી. કિશોરી કાંઈ સમજે તે પહેલા જ એકે તેનો હાથ પકડી પોતાની તરફ ખેંચી છેડતી કરી હતી. ગભરાયેલી કિશોરીએ સમયસૂચકતા વાપરી પ્રતિકાર કર્યો હતો અને ત્યાંથી ભાગી છૂટી સીધી ઘરે પહોંચી હતી.

ઘરે પહોંચેલી દીકરી અત્યંત ગભરાયેલી અને રડતી હાલતમાં હોવાથી માતાએ પૂછપરછ કરતા સમગ્ર હકીકત સામે આવી હતી. પરિવારે તાત્કાલિક અમરોલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે મામલાની ગંભીરતા જોઈ ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી કેમેરા તપાસતા ટપોરીઓની શરમજનક હરકત કેદ થયેલી જોવા મળી હતી. ફૂટેજના આધારે પોલીસે રાજકુમાર જલ્લુ યાદવ (ઉ.વ. ૨૦, રહે. મણી પુરુષોત્તમ નગર, છાપરાભાઠા, મૂળ બનારસ, યુપી) અને મુકેશ રત્નાભાઈ મીર (ઉ.વ. ૨૦, રહે. વાળીનાથ સોસાયટી, છાપરાભાઠા, મૂળ ધોળકા) તરીકે ઓળખ થઈ છે.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે બંને આરોપીઓ સ્થાનિક તબેલામાં સાથે કામ કરે છે.

દિવસે તાપમાન અઢી ડિગ્રી ઘટી જતાં ભીની ઠંડકનો અહેસાસ

વહેલી સવારે ધુમ્મસ યથાવત રહેવા સાથે ઠંડી અડધો ડિગ્રી વધતાં હિલસ્ટેશન જેવો માહોલ

સુરતઃ સુરત શહેરમાં આજે હવામાનમાં ફરી એક વખત બદલાવ જોવા મળ્યો હતો. બે દિવસની ગરમી બાદ આજે તાપમાનમાં ઘટાડો નોંધાતા શહેરમાં ઠંડીનો અહેસાસ થયો હતો. વહેલી સવારથી જ હવામાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી શહેરમાં ધુમ્મસિયું વાતાવરણ સર્જાયું હતું, જે સવારે લગભગ 10 વાગ્યા સુધી યથાવત રહ્યું હતું. છેલ્લા બે દિવસથી સતત ધુમ્મસ જોવા મળી રહ્યું છે, જેના કારણે વાહનચાલકોને પણ સાવચેતી રાખવી પડી હતી.

આજે શહેરનું મહત્તમ તાપમાન 2.5 ડિગ્રી સેલ્સિયસ ઘટીને 28.7 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 15.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ 98 ટકા સુધી પહોંચી ગયું હતું, જ્યારે બપોર બાદ તે ઘટીને આશરે 49 ટકા નોંધાયું હતું. બપોર બાદ ભેજમાં ઘટાડો થવા છતાં સાંજના સમયે ઠંડા પવનો ફૂંકાતા શહેરમાં ફરીથી ઠંડીનો અહેસાસ થયો હતો. છેલ્લા બે દિવસથી શહેરમાં ઠંડી ગાયબ થઈ ગઈ હતી, પરંતુ આજે ફરીથી ઠંડીની એન્ટ્રી થતાં લોકોએ ગરમ કપડાં કાઢવા શરૂ કર્યા હતા. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બેથી ત્રણ દિવસ સુધી શહેરમાં ઠંડીનો અહેસાસ યથાવત રહેશે. ખાસ કરીને વહેલી સવાર અને મોડી સાંજના સમયે ઠંડી વધુ અનુભવાશે. બદલાતા હવામાનને ધ્યાનમાં રાખીને આરોગ્ય પ્રત્યે સાવચેતી રાખવાની પણ સલાહ આપવામાં આવી છે.

લુડ્‌ર્સ કોન્વેન્ટની પૂર્વ વિદ્યાર્થિની ગોલકીપર ઓફ ધ ટુર્નામેન્ટ

બંસરી સોલંકીના ઉત્કૃષ્ટ પ્રદર્શનને લીધે શૂટઆઉટમાં SG પાઇપર્સ ચેમ્પિયન

સુરતઃ રાંચીમાં શનિવારે રમાયેલી મહિલા હોકી ઈન્ડિયા લીગ 2025-26ની ફાઇનલમાં SG પાઇપર્સે શ્રાચી બંગાળ ટાઈગર્સને શૂટઆઉટમાં 3-2થી હરાવીને ખિતાબ જીત્યો. નિયમિત સમય સુધી મેચ 1-1થી બરાબરી પર રહી હતી. ટાઈગર્સ તરફથી લાલરેમસિયામી (16')એ પ્રથમ ગોલ કર્યો હતો, જ્યારે 53મી મિનિટે પ્રીતિ દુબેના બેકહેન્ડ શોટથી SG પાઇપર્સે બરાબરી મેળવી હતી.

નિયત સમયમાં બંને ટીમોએ અનેક તક બનાવી, પરંતુ અંતિમ ક્ષણે SG પાઇપર્સની લોલા રીરાએ વંદના કટારિયાના શોટને રોકી મેચને શૂટઆઉટ સુધી પહોંચાડી હતા. શૂટઆઉટમાં નવનીત કૌર, જુઆના કાસ્ટેલારો અને લોલા રીરાએ ગોલ કર્યા, જ્યારે સુરતની 24 વર્ષીય ગોલકીપર બંસરી સોલંકીએ પેનલ્ટી સ્ટ્રોક સહિત ત્રણ મહત્વપૂર્ણ બચાવ કરીને SG પાઇપર્સને ખિતાબ અપાવ્યો. બંસરી સોલંકીને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ 'ટુર્નામેન્ટના શ્રેષ્ઠ ગોલકીપર'જાહેર કરવામાં આવ્યા હતા. સુરતની લુડ્‌ર્સ કોન્વેન્ટ સ્કૂલની ભૂતપૂર્વ વિદ્યાર્થિની છે. તેણે સાતમા ધોરણથી હોકી રમવાની શરૂઆત કરી હતી. શાળાકાળ દરમિયાન તેઓ કોચ પરાગ ચંદ્રાત્રેના માર્ગદર્શન હેઠળ તાલીમ લેતા હતા. હાલ બંસરી ભારતીય ટીમ સાથે વર્લ્ડ કપ ક્વોલિફાયર રમવાના સપના સાથે આગળની તૈયારીમાં વ્યસ્ત છે.

ટ્રાફિક નિયમોના ભંગ બદલ એક જ દિવસમાં 2180 કેસ

સુરતઃ શહેરમાં ટ્રાફિક પોલીસની વિશેષ ડ્રાઈવ અંતર્ગત માત્ર એક જ દિવસમાં ૨,૧૮૦ કેસ નોંધાયા છે, જ્યારે બે મહિનાથી ઓછા સમયમાં કુલ ૧,૧૧,૯૬૧ વાહનચાલકો સામે કાર્યવાહી થઈ છે. શહેરમાં રોગ-સાઈડ વાહન ચલાવવાને કારણે ગંભીર અને જીવલેણ અકસ્માતોના બનાવોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આવા અકસ્માતોમાં મૃત્યુદર અને ગંભીર ઈજાના કેસો વધુ જોવા મળે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટ્રાફિક બ્રાન્ચ દ્વારા ગત ૨૮ નવેમ્બર ૨૦૨૫થી વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ વિશેષ ઝૂંબેશનો મુખ્ય ઉદ્દેશ ટ્રાફિક સિગ્નલનું પાલન કરાવવું, ખોટી દિશામાં વાહન ચલાવનારાઓને અટકાવવું તેમજ નિયમભંગ સામે કડક અમલવારી કરવી છે. જ્યાં ખોટી દિશામાં વાહન ચલાવવાનું પ્રમાણ વધુ છે અથવા જ્યાં અકસ્માતોની સંભાવના વધુ છે, તેવા વિસ્તારોમાં ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

ચોર્યાસીમાં વિકાસ કાર્યોથી લોકસુવિધા વધી છે : સંઘવી

ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજ આયોજીત સન્માન સમારંભ યોજાયો

167 કરોડના ખર્ચે આભવા અને ખજોદના મહત્વના બ્રિજને મંજૂરી આપવામાં આવી

સુરત : ચોર્યાસી તાલુકા કાંઠા વિસ્તાર કોળી સમાજ દ્વારા ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ઝંખનાબેન પટેલનો સન્માન સમારંભ જીઆવ બુડિયા સ્થિત રામજીવાડી ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં કોળી પટેલ સમાજના યુવક-યુવતીઓ જોડાયા હતા.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, સરકાર લોકો માટે છે અને લોકોના હિતમાં સતત કાર્ય કરી રહી છે. ચોર્યાસી તાલુકામાં માર્ગ, શિક્ષણ પ્રકલ્પો, આરોગ્ય તથા બ્રિજ સહિતના વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે, જેના કારણે સ્થાનિક લોકોને સીધો લાભ મળ્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે, આશરે રૂપિયા 167 કરોડના ખર્ચે આભવા અને ખજોદના મહત્વના બ્રિજને મંજૂરી આપવામાં આવી છે, જેના કારણે કાંઠા વિસ્તારના લોકોનું આવાગમન સરળ બનશે તેમજ વિકાસને નવી ગતિ મળશે. ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય ઝંખનાબેન પટેલે પ્રાસંગિક સંબોધનમાં સરકારના વિકાસલક્ષી કાર્યોની સરાહના કરી હતી.

NDPS ગુનામાં 10 મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

સુરત : ડિંડોલી તથા ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPSના ગુનામાં છેલ્લા દશેક માસથી નાસતો ફરતો આરોપીને મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લામાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

ડિંડોલી પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર આર.જે. ચુડાસમા અને સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર કે.એ. ચૌહાણની સર્વેલન્સ સ્કવોડ ફરાર આરોપીઓને શોધી રહ્યાં હતાં. તે દરમિયાન જાણવા મળ્યું કે આરોપી નારાયણ ઉર્ફે શિવનારાયણ પન્નાલાલ પાટીદાર મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લામાં છુપાયો હોવાનું ચોક્કસ ઈનપુટ મળતાં ટીમને તાત્કાલિક ત્યાં મોકલવામાં આવી હતી. આરોપી સામે ડિંડોલી તેમજ ખટોદરા પોલીસ સ્ટેશનમાં NDPS ગુનામાં સંડોવાયેલા છે. તે મધ્યપ્રદેશના મંદસૌર જિલ્લાના પીપલિયા મંડી થાણા વિસ્તારના બાબુખેડા ગામનો રહેવાસી છે.

નવી સિવિલમાં વૃદ્ધ દર્દીએ ભાઈગીરી કરતા હોબાળો

ધક્કામુક્કી કરી ડોક્ટરના શર્ટના ખિસ્સા ફાડી નાંખ્યા

સુરતઃ સિવિલના ઈમરજન્સી વિભાગમાં રવિવારે સાંજે વધુ એક વખત ડોક્ટર સાથે મારામારીની ઘટના સામે આવી છે. અન્ય દર્દીને સારવાર આપી રહેલા રેસિડન્ટ ડોક્ટર સાથે એક દર્દીએ ધક્કા મુક્કી કરી હતી. નાનપુરામાં રહેતા ૬૬ વર્ષીય સલીમ શેખ આજે સાંજે ઈજાને કારણે સારવાર માટે નવી સિવિલ હ